# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 11-04-2024 સવાર : 7.45 થી 7.55

વાર : ગુરૂવાર

### આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

****************************************************

- લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે આવતીકાલે જાહેરનામું બહાર પડશે.
- લોકસભા ચુંટણીના પ્રથમ અને  બીજા તબક્કા માટે  ચૂંટણી પ્રચાર વેગવાન
- બની રહ્યો છે..
- કોલકાતા વડી અદાલતે પશ્ચિમ બંગાળના  સંદેશખાલી ઘટનાની સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો છે.
- કેન્દ્રએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કઠોળના સાપ્તાહિક જથ્થાને જાહેર કરવા અને તેની ચકાસણી કરવાનો નિર્દેશ આપ્યો છે.
- દેશભરમાં આજે મુસ્લિમ બિરાદરો દ્વારા ઇદ-ઉલ-ફિત્રની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ રહી છે.
- એશિયા બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં, પીવી સિંધુ મહિલા સિંગલ્સના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં  પ્રવેશી છે.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# 3RD PHASE NOTIFICATION

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે આવતીકાલે જાહેરનામું બહાર પડશે. આ તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 લોકસભા બેઠકો પર ચૂંટણી યોજાશે.

જેમાં ગુજરાતની તમામ 26 બેઠકો, કર્ણાટકની 14 બેઠકો, મહારાષ્ટ્રની 11 બેઠકો, ઉત્તર પ્રદેશની 10 બેઠકો, મધ્યપ્રદેશની 8 બેઠકો, છત્તીસગઢની સાત બેઠકો, બિહારની પાંચ બેઠકો, આસામ અને પશ્ચિમ બંગાળની ચાર-ચાર બેઠકો. તથા ગોવા અને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની , બે-બે બેઠકો અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક માટે મતદાન થશે. આ મહિનાની 19 તારીખ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. આ તબક્કા માટે 7મી મેના રોજ મતદાન થશે.

# ELECTION.rtf CAMPAIGING.rtf

લોકસભા ચુંટણીના પ્રથમ અને બીજા તબક્કા માટે ચૂંટણી પ્રચાર વેગવાન બની રહ્યો છે. તમામ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ ચૂંટણી રેલીઓને સંબોધિત કરી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરાખંડના ઋષિકેશ અને રાજસ્થાનના કરૌલીમાં ચૂંટણી રેલીને સંબોધશે. ઉત્તરાખંડની રેલીમાં પ્રધાનમંત્રી ગઢવાલ વિભાગના ત્રણ સંસદીય ક્ષેત્રો, ટિહરી, હરિદ્વાર અને પૌરીના ભાજપના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કરશે. રાજસ્થાનમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર તેજ થઈ ગયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પક્ષના ઉમેદવારના સમર્થનમાં કરૌલીમાં ચૂંટણી રેલીને સંબોધિત કરશે.

બીજી તરફ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી પણ આજે રાજ્યમાં બે જાહેરસભાઓને સંબોધશે. શ્રી ગાંધી બિકાનેર લોકસભા મતવિસ્તાર હેઠળના અનૂપગઢમાં, અને જોધપુર લોકસભા મતવિસ્તાર હેઠળના ફલૌડીમાં બીજી જાહેર સભાને સંબોધશે. બંને પક્ષોના અન્ય નેતાઓ પણ આજે રાજ્યમાં પ્રચાર કરશે. મધ્યપ્રદેશમાં ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ પક્ષોએ લોકસભા ચૂંટણીના પ્રચારમાં પોતાની પૂરી તાકાત લગાવી દીધી છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ મંડલા અને કટની જિલ્લામાં રાજકીય રેલીઓને સંબોધિત કરશે. શ્રી શાહ અન્ય સ્થાનિક કાર્યક્રમોમાં પણ ભાગ લેશે. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ પણ સતના અને રીવા જિલ્લામાં જાહેર સભાઓને સંબોધશે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ ગઈકાલે ભોપાલમાં પક્ષના મુખ્યાલય ખાતે પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથ, દિગ્વિજય સિંહ, જીતુ પટવારી અને અરુણ યાદવ પ્રચારનું નેતૃત્વ કરી રહ્યા છે. બસપા, આમ આદમી પાર્ટી, અને અપક્ષ ઉમેદવારો પણ તેમના પ્રચારમાં વ્યસ્ત છે.

# BETUL ELECTION

ચૂંટણીપંચે, મધ્યપ્રદેશના બેતુલ લોકસભા મતવિસ્તાર માટે મતદાન માટેનાં નવાં વાર અને તારીખની જાહેરાત કરી છે. અહીં બીજા તબક્કાનું મતદાન, 26મી એપ્રિલે યોજાવાનું હતું તે હવે ત્રીજા તબક્કામાં 7મી મે એ યોજાશે. બહુજન સમાજપક્ષના ઉમેદવાર અશોક ભલાવીનું અવસાન થતાં, બેતુલની ચૂંટણી મુલત્વી રાખવામાં આવી હતી.

# CONGRESS - BJP - CANDIDATE LIST

ભાજપે લોકસભા ચૂંટણી માટે વધુ નવ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. રાજ્ય સભા સાંસદ નીરજ શેખરને બલિયા લોકસભા બેઠક પર ઉતારવામાં આવ્યા છે, જ્યારે કે નિરજ ત્રિપાઠી અલ્હાબાદ તેમજ જયવીર સિંહ ઠાકુર મણિપુર બેઠક પરથી ચૂંટણી લડશે. સંજય ટંડન ચંદીગઢથી જ્યારે કે એસ.એસ અહુવાલિયા આંસનસોલ બેઠક પરથી ચૂંટણી લડશે.

કોંગ્રેસે આગામી લોકસભા ચૂંટણી માટે બે ઉમેદવારોની યાદી જાહેર કરી છે. ડૉ.કલ્યાણ કાલે જાલનાથી અને ડૉ.શોભા દિનેશ બચ્છવ મહારાષ્ટ્રના ધુલેથી ચૂંટણી લડશે.

# University-Rankings.rtf

વૈશ્વિક યુનિવર્સિટિ રેન્કિંગમાં -આઈઆઈએમ અમદાવાદએ વિશ્વની ટોચની 25 સંસ્થાઓ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિશ્વલેષણ કરતી લંડન સ્થિત સંસ્થા ક્વાર્વેરેલી સાઈમંડ્સે બહાર પડેલા રેન્કિંગમાં દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી-જેએનયુએ ભારતીય યુનિવર્સિટીઓમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ડેવલપમેન્ટ સ્ટડીસ વિષયમાં જેએનયુને વિશ્વની યુનીવર્સિટીઓમાં 20મુ સ્થાન આપવામાં આવ્યું છે

આઈઆઈએમ - અમદાવાદનો વેપાર અને વ્યવસ્થાપન અધ્યયન માટેની વિશ્વની ટોચની 25 સંસ્થાઓમાં સમાવેશ કરાયો છે. આ રેન્કિંગ કલા અને માનવતા, એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી, લાઇફ સાયન્સ, પ્રાકૃતિક વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના પાંચ ક્ષેત્રોમાં સોળ હજાર ચારસોથી વધુ યુનિવર્સિટી અભ્યાસક્રમો ના વિદ્યાર્થીઓના પ્રદર્શનનું તુલનાત્મક વિશ્લેષણ કરાયું છે. ભારત ની 69 યુનિવર્સિટીઓએ આ રેન્કિંગમાં સ્થાન મેળવ્યું છે.

# CENTRE---PULSES.rtf

કેન્દ્રએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કઠોળનો સંગ્રહ કરતી સંસ્થાઓ દ્વારા કઠોળના સાપ્તાહિક જથ્થાને જાહેર કરવા અને તેની ચકાસણી કરવાનો નિર્દેશ આપ્યો છે. ગ્રાહક બાબતોના મંત્રાલયે કહ્યું છે કે મોટા બંદરો અને કઠોળ ઉદ્યોગ કેન્દ્રો પર સ્થિત વેરહાઉસમાં જથ્થાની સમયાંતરે ચકાસણી થવી જોઈએ. મંત્રાલયે સ્ટોરેજ ડિસ્કલોઝર પોર્ટલ પર ખોટી માહિતી આપતી સંસ્થાઓ સામે કડક પગલાં લેવા પણ જણાવ્યું છે.

ગ્રાહક બાબતોના વિભાગના સચિવ નિધિ ખરેએ ગઈકાલે નવી દિલ્હીમાં રાજ્યોના ગ્રાહક બાબતો, ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગોના સચિવો સાથે બેઠક યોજી હતી. બેઠકમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સંગ્રહસ્થાન અને બજારની હેરાફેરી અટકાવવા માટે કઠોળના જથ્થાની સ્થિતિ અને કિંમતના વલણો પર તકેદારી રાખવા જણાવાયું હતું.

આ ઉપરાંત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પાંચ મુખ્ય કઠોળ તુવેર , અડદ, ચણા, મસૂર અને મગ તથા આયાતી પીળા વટાણાના જથ્થાની સ્થિતિ પર નજર રાખવા માટે કહેવામાં આવ્યું છે.

# REV.-KOLKATA-HC-SANDESHKHALI.rtf

કોલકાતા વડી અદાલતે પશ્ચિમ બંગાળના સંદેશખાલી ઘટનાની સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો છે. મુખ્ય ન્યાયાધીશ ટી એસ શિવજ્ઞનમ અને ન્યાયાધીશ હિરન્મય ભટ્ટાચાર્યની ખંડપીઠે આ ચુકાદો આપ્યો છે. અદાલતે તમામ પક્ષોની તમામ ફરિયાદો 15 દિવસમાં CBIને સુપરત કરવાનો આદેશ આપ્યો છે. અદાલતે સીબીઆઈને ઈમેલ આઈડી બનાવવા અને તેને સામાન્ય લોકોને ઉપલબ્ધ કરવાનો પણ આદેશ આપ્યો છે.

અદાલતે સંદેશખાલીના સંવેદનશીલ વિસ્તારોમાં સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્દેશ આપ્યો છે. કેન્દ્રીય અનવેક્ષણ બ્યૂરો- સીબીઆઈ શાહજહાં શેખ અને તેના સહયોગીઓ દ્વારા સંદેશખાલીની મહિલાઓ પર અત્યાચાર, સામાન્ય લોકોને છેતરવા સહિતના આરોપો અંગે તપાસ શરૂ કરશે. આ કેસની આગામી સુનાવણી 2જી મેના રોજ થશે.

# EID.rtf

દેશભરમાં આજે મુસ્લિમ બિરાદરો દ્વારા ઇદ ઉલ ફિત્રની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ રહી છે. શ્રધ્ધાળુઓ ઇદગાહ અને મસ્જિદોમાં આજે ઇદની નમાજ અદા કરશે. દિલ્હીમાં જામા મસ્જિદ, ફતેપુરી મસ્જિદ અને શાહી ઇદગાહ ખાતે મુખ્ય કાર્યક્રમો યોજાશે.

નમાજ બાદ મુસ્લિમ બિરાદરો ઇદની શુભેચ્છાની આપ લે કરશે તથા શીરખુરમા ખવડાવી એકબીજાને મોં મીઠા કરશે. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ લોકોને ઇદની શુભેચ્છાઓ પાઠવી છે.

રાષ્ટ્રપતિએ તેમના સંદેશમાં જણાવ્યું છે કે, પ્રેમ અને ભાઇચારાનો સંદેશ આપતો આ તહેવાર શાંતિપૂર્ણ જીવન અને સમાજની સમૃધ્ધિ માટે કામ કરવાની પ્રેરણા આપે છે.

ઉપરાષ્ટ્રપતિએ તેમના સંદેશમાં કહ્યું કે, આ તહેવાર કરૂણા, ઉદારતા અને એકતાના મૂલ્યોની યાદ અપાવે છે.

પ્રધાનમંત્રીએ તેમના સંદેશમાં આ તહેવાર સૌના જીવનમાં આનંદ અને સમૃધ્ધિ લાવે તેવી કામના કરી છે.

# REV.-NT.-IPL-CRICKET.rtf

IPL ક્રિકેટની  ગઈકાલે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ગુજરાત ટાઈટન્સે રાજસ્થાન રોયલ્સને ત્રણ વિકેટથી હરાવ્યું છે.  197ના લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાતની ટીમે સાત વિકેટના નુકસાને 199 રન બનાવી મેચ જીતી લીધી છે.

ગુજરાત તરફથી સુકાની શુભમન ગિલે 44 બોલમાં 72 રન બનાવ્યા હતા. અગાઉ પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાન રોયલ્ટી નિર્ધારિત 20 ઓવરમાં ત્રણ વિકેટે 196 રન બનાવ્યા હતા. રાશિદ ખાનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સનો મુકાબલો આજે વાનખેડે સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે.  આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

# BADMINTON--SINDHU.rtf

એશિયા બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં, પીવી સિંધુ મહિલા સિંગલ્સના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશી છે. સિંધુએ ગઇકાલે મલેશિયાની ગોહ જિન વેઈને 18-21, 21-14, 21-19થી હરાવી પ્રી-ક્વાર્ટરમાં પ્રવેશ કર્યો છે .

પ્રી-ક્વાર્ટરમાં પીવી સિંધુ આજે ચીનની હાન યુ સામે ટકરાશે. મેન્સ સિંગલ્સમાં એચ.એસ. પ્રણોય આજે પ્રી-ક્વાર્ટરમાં તાઈવાનના લિન ચુન-યી સામે ટકરાશે. પ્રથમ રાઉન્ડમાં પ્રણોયએ ચીનના લુ ગુઆંગઝૂને 17-21, 23-21, 23-21થી હરાવ્યો હતો.

દરમિયાન મહિલા ડબલ્સમાં અશ્વિની પોનપ્પા અને તનિષા કાસ્ટ્રોની જોડી પણ પ્રી-ક્વાર્ટરમાં પહોંચી છે. આજે તેમનો મુકાબલો જાપાનની નામી માત્સુયામા અને ચિહારુ શિડાની જોડી સામે થશે.